12 SANDESH : RAJKOT
SUNDAY, 5 FEBRUARY 2012

સંદેશ



**શિબીર:** વિદ્યાર્થીઓની આંતરીક શક્તિ ખીલી ઉઠે તેમજ તેઓ શિસ્તબધ્ધ બને તે ઉદેશથી તાજેતરમાં જૂનાગઢ કૃષિ યુનિ.ખાતે એક શીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. (ફોટો : સંદેશ બ્યુરો)

### જૂનાગઢ કૃષિ યુનિ.માં ધ્યાન શિબિર યોજાઈ

# વિદ્યાર્થીઓને યુવાવસ્થામાં પડેલી ટેવો જીંદગીભરની આદતો બને છે

(પ્રતિનિધિ) જૂનાગઢ, તા.૪

કૃષિ અને આનુસાંગિક શાખાઓના જ્ઞાનની સાથે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો વિકાસ થાય અને તેમની આંતરીક શક્તિ ખીલે તે પણ એટલું જ મહત્વનું છે. વિદ્યાર્થીઓમાં શિસ્ત અને ચારિત્ર્ય ઘડતરનું પણ અનેરૂ મહત્વ છે. યુવાવસ્થામાં પડેલી ટેવો જીંદગીભરની આદતો બની જતી હોય છે. ત્યારે વિદ્યાર્થીઓનું મનોબળ વધે અને શિસ્તબધ્ધ બને તે માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

## ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો

તાજેતરમાં જૂનાગઢ કૃષિ યુનિ. ખાતે યોજાયેલ શિબીરમાં ઉપસ્થિત વિવિધ ફેકલ્ટીના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓને સંબોધતા કુલપતિ ડો.એન.સી.પટેલે આ શબ્દો ઉચ્ચાર્યા હતાં. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને ધ્યાન, યોગ, ઉચ્ચ નૈતિક મનોબળ અને હકારાત્મક વિચારધારા પરનું જ્ઞાન મળી રહે તે માટે યુનિ.માં વખતો વખત સંતો, મહંતો અને બુધ્ધિજીવીઓના વ્યાખ્યાનો યોજવામાં આવે છે.

યુનિ.ના પ્રાધ્યાપકો અને વૈજ્ઞાનિકોમાં પણ કાર્યદક્ષતા, નિષ્ઠા અને પ્રામાણિકતાના ગૂણો વિકસે તે માટે તેઓને પણ આ શિબીરમાં સામેલ કરવામાં આવે છે. તાજેતરમાં આર્ટ ઓફ લીવીંગની યોજાયેલ શિબીરમાં ૬૦ જેટલા શિક્ષકો, વૈજ્ઞાનિકો, અધિકારીઓ અને તેમના પરીવારજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ શિબીરમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, શિબીર એ માત્ર જીવન જીવવાની કલા શીખવતી નથી. પરંતુ જીંદગી જીવવાની કલાનું જ્ઞાન આપે છે. શિબીરથી આંતરીક શક્તિ ખીલી ઉઠે છે. અને નવી ઉર્જા પ્રાપ્ત થાય છે. શિબીરને કારણે જાહેરમાં બોલવાનો ભય દુર થાય છે. આ શિબીરમાં વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિના નિયામક ડો.પી.વી.પટેલ, એન.એસ.એસ. ઓફીસર ડો.બી.વી. જાવિયા તેમજ ડો.ક્રિષ્ના ઉપાધ્યાય અને ગૌરી પરાશર સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.